**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૪૫ ટકા

# પીડીપીયુના વિદ્યાર્થીઓની અનોખી ઈન્ટર્નશીપ

## ગામડામાં રહીને ભૌતિક સુવિધા વિના જીવનનો આનંદ માણવાનું શિખવા મળ્યુ

ગાંધીનગર, તા.૩

ન્યુ ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના પહેલા વર્ષના વિદ્યાર્થીઓ



દ્વારા તાજેતરમાં રાજયની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા ગ્રામીણ વિસ્તારમાં રહીને ૨૧ દિવસની ઈન્ટર્નશીપ કરી હતી જે દરમિયાન તેમને શિસ્ત, નેતૃત્વ, એકતા, ટીમ બિલ્ડીંગ વગેરે



શીખવા ઉપરાંત ખેતીની ટકાઉ પધ્ધતિઓ, પશુપાલન, ગ્રામીણ નાગરિકોની જીવનશૈલી તથા તેમાં આવી રહેલા પરિવર્તનો અંગે તલસ્પર્શી અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થઈ હતી. ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રસંઘ પ્રેરિત ૧૭ પ્રકારની એસડીજી અંગે ગ્રામીણ નાગરિકોને જાગ્રત કરવાનું કાર્ય પણ કર્યું હતું.

ભારતનું નેતૃત્વ કરવા માટે ગ્રામીણ ભારતને સમજવું જરુરી છે, અનુભવવું જરુરી છે તેવી બાબતમાં વિશ્વાસ ધરાવતી પીડીપીયુના આ વિદ્યાર્થીઓએ ગ્રામીણ વિસ્તારમાં ગાંધીવાદી ફિલસૂફી સાથે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે રહીને ઈન્ટર્નશીપ કરી હતી જેનું સંકલન ડૉ. નીતા ખુરાના અને ખુશાલી પુરોહિત દ્વારા સંકલન કરવામાં આવ્યું હતું.



ઈન્ટર્નશીપમાં જોડાયેલી વિદ્યાર્થીની ચિરસ્વી દેસાઈએ જણાવ્યું હતું કે 'ગ્રામીણ જીવનશૈલીના અનુભવથી તેમની વ્યવહારિક આવડતો, સરળ જીવનશૈલી અને આત્મશિસ્ત સાથે બાળકોની રીતભાત વગેરેમાંથી ઘણું બધું શીખવા મળ્યું છે.' ભાવેશ વાસનાણીએ જણાવ્યું હતું કે, 'પહેલા દિવસથી જ આ ઈન્ટર્નશીપ અમારા હૃદયને સ્પર્શી ગઈ હતી અને ઝુંપડપટ્ટી જેવા વિસ્તારોની મુલાકાત સહિતના અનુભવોથી ભૌતિક સવગડો વગર જીવનનો આનંદ માણવાની ફિલસૂફી શિખવા મળી તે સાથે સ્વાદિષ્ટ અને પૌષ્ટિક આહારને પણ માણ્યો હતો.'

# કુડાસણ રહેતા એરફોર્સના ગ્રુપ કેપ્ટનના ઘરે તસ્કરોનો હાથફેરો

## બેડરૂમની બારીની ગ્રીલ તોડીને ઘુસેલા તસ્કરો ચાંદીના દાગીના, ઘડીયાળ અને રોકડ મળી ૫૫ હજારની મત્તા ઉઠાવી ગયા : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૩

ન્યુ ગાંધીનગર વિસ્તારમાં ઘરફોડ ચોરીનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ગઈ કાલે રાત્રી દરમિયાન તસ્કરોએ કુડાસણ પીડીપીયુ રોડ પર આવેલી વેદીકા એકઝોટીકા સોસાયટીમાં રહેતા એરફોર્સના ગ્રુપ કેપ્ટનના ઘરે હાથફેરો કર્યો હોવાની વિગતો બહાર આવી છે. ઈન્ફોસીટી પોલીસે ગ્રુપ કેપ્ટનની ફરિયાદને આધારે રૂ. ૫૫ હજારની મત્તાની ચોરી મામલે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ કુડાસણ ખાતે પીડીપીયુ રોડ પર આવેલી વેદિકા એકઝોટીકા સોસાયટીમાં મકાન નં. ૪૧માં રહેતા રમેશ અપ્પાસાહેબ પાટીલ ચિલોડા ખાતે આવેલા વાયુશકિતનગર એરફોર્સમાં ગ્રુપ કેપ્ટન તરીકે ફરજ બજાવે છે. ગઈ કાલે રાત્રે ગ્રુપ કેપ્ટન, તેમની પત્ની અને બે દિકરીઓ મકાનના નીચેના માળે લોક મારીને ઉપરના માળે સુવા ગયા હતા. સવારે સાત વાગ્યે તેઓ ઉઠીને નીચે ઉતર્યા ત્યારે તેમના નીચેના માળના બેડરૂમની બારીની ગ્રીલ તુટેલી હતી અને સામાન વેરવિખેર પડયો હતો. રાત્રીના સમયગાળામાં ત્રાટકેલા તસ્કરો બેડરૂમની બારીની ગ્રીલ તોડીને તિજોરીઓમાંથી ચાંદીના દાગીના, બે કાંડા ઘડીયાળ અને રોકડ રૂ. ૫ હજાર મળીને કુલ રૂ. ૫૫ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે ગ્રુપ કેપ્ટને ફરિયાદ આપતા ઈન્ફોસીટી પોલીસે ઘરફોડ ચોરી મામલે ગુનો દાખલ કરી ડોગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ બોલાવી તસ્કરો સુધી પહોંચવા કવાયત શરુ કરી છે.



ગાંધીનગરમાં જયાં ત્યાં કચરો પડયો રહેવો તે હવે નવાઈની વાત નથી. ગમે તેટલા અભિયાન ચલાવાય પરંતુ સ્વચ્છતા થતી જ નથી. સેકટરે સેકટરે સફાઈ કર્મચારીઓની ફોજ ખડકી દેવાય છે પણ સ્થિતિ ઠેરની ઠર છે. સેકટર-૮માં આદર્શ નિવાસી શાળાની સામે કચરાપેટીમાંથી કચરો આસપાસ વેરાઈ રહ્યો છે. નજીકમાં જ શાળા હોવા છતાં સ્વચ્છતા જળવાતી નથી તે ખૂબ જ નવાઈની વાત છે.



ડિવાઈન જુનિયર પ્રિ સ્કૂલમાં ફ્રુટ અને વેજીટેબલ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બધા બાળકોએ હોંશભેર ભાગ લીધો હતો. બધા બાળકો કેરી, અનાનસ, કેળાં, સફરજન, ફુલાવર, કાળી દ્રાક્ષ, લીલી દ્રાક્ષ, તરબૂચ, સ્ટ્રોબેરીમાં ખૂબ જ સુંદર લાગી રહ્યા હતા. ડિવાઈન જૂનિયરના સ્થાપક ગિરા ચૌધરીએ કાર્યક્રમ માટે ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

## ૩૦મી જુને નિવૃત્ત કર્મચારીઓને વાર્ષિક ઈજાફો આપવા ઉગ્ર રજુઆત

ગાંધીનગર, તા.૩

રાજય સરકારના કર્મચારીઓને છઠ્ઠા પગારપંચ મુજબ મળવા પાત્ર વાર્ષિક ઈજાફોની ૧લી જુલાઈ નક્કી કરવામાં આવેલ હતી. જે મુજબ વાર્ષિક ઈજાફો દર વર્ષે મળે છે. પરંતુ જે કર્મચારીઓ ૩૦મી જુને નિવૃત્ત થાય તેઓને વાર્ષિક ઈજાફો મળતો નથી પુરા ૩૬૫ દિવસ નોકરી પુરી કરીને નિવૃત્ત થતા હોવા છતાં તેવા કર્મચારીઓને વાર્ષિક ઈજાફાનો લાભ મળતો નથી, પરિણામે પેન્શનમાં નુકશાની વેઠવી પડે છે. આ બાબતે હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટ, ટ્રીબ્યુનલ દ્વારા કર્મચારીઓની તરફેણમાં ચુકાદો આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા ૩૦ જુનના રોજ નિવૃત્ત થયેલ કર્મચારીઓને વાર્ષિક ઈજાફો આપવાનું સ્વીકારેલ છે. રાજય સરકારે આ માંગણી ઠુકરાવી છે. રીટપીટીશન કરવા કર્મચારીઓ સક્ષમ નથી તો કર્મચારીઓને ન્યાય મળે તે અર્થે ગાંધીનગર પેન્શન હિતરક્ષક સમિતિના કન્વીનર કેશરીસિંહજી બિહોલાએ મુખ્યમંત્રી સમક્ષ રજુઆત કરેલ છે.



ખોડિયાર મંદિર સેકટર-૫ ખાતે ખોડિયાર જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં પેથાપુરના રહિશ કચ્છના પ્રતિકસિંહ જાડેજા પરિવાર દ્વારા માતાજીના હવનમાં ભાગ લઈ ભકતો માટેના મહાપ્રસાદ ભોજન દાતા બન્યા હતા. આ ઉપરાંત અહીં ગાંધીનગર મહાનગરપાલિકા વોર્ડ નં ૭ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ, ગાંધીનગર વસાહત મહાસંઘના પ્રમુખ કેસરીસિંહ બિહોલા, ખોડિયાર મંદિરના મુખ્ય ટ્રસ્ટી સાગરદાન ગઢવી, ઉદ્યોગપતિ અંબુસિહ ગોલ, મનોજભાઈ પટેલ, રાજાભાઈ ગઢવીએ ખાસ હાજર રહી દર્શનનો લાભ લીધો હતો.

# લો બોલો, એક જ સપ્તાહમાં ફરી ત્રણ ગામોમાંથી ટયુબવેલ ચોરાયાં...!!

## હાલીસા-ગિયોડ ખાતે ટયુબવેલ ચોરીની શાહી સુકાઈ નથી ત્યાં ફરી તસ્કરોએ એક જ રાતમાં દોલારાણા વાસણા, ચેખલા રણી અને સાદરા ખાતેથી ટયુબવેલ ચોર્યા

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારમાં ગઈ કાલે રાત્રે ફરી ટયુબવેલ ચોરીની ઘટના બની હતી. તસ્કરોએ ત્રણ ગ્રામ પંચાયતોમાંથી ટયુબવેલની ચોરી કરી લેતા ગ્રામજનોને આજે પાણીની સમસ્યાનો સામનો કરવો પડયો હતો.

ગાંધીનગર નજીકના દોલારાણા વાસણા, સાદરા તથા ચેખલા રણી ગામમાં રીક્ષા લઈને ત્રાટકેલી ચોર ગેંગે ટયુબવેલની ચોરી કરી હતી. ટયુબવેલ ચોરીની સમગ્ર ઘટનાઓ સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે જેમાં સ્પષ્ટ દેખાય છે કે રીક્ષામાં બેસીને આવેલા ચોરોએ વાયરો સુધ્ધાં ખોદીને ટયુબવેલની ચોરી કરી હતી. આ ચોરીમાં દોલારાણા વાસણા ખાતેથી ૪૨ મીટર, ચેખલા રણી ગામેથી ૩૦ મીટર વાયર સાથે ટયુબવેલ ઉપરાંત સાદરા ખાતેથી ટયુબવેલની ચોરી કરી રફુચકકર થઈ ગયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ અગાઉ પણ હલીસા અને ગિયોડ ખાતે ટયુબવેલની ચોરીની ઘટના સર્જાઈ હતી અને માત્ર બે દિવસ પછી ત્રણ ત્રણ ગામમાં ટયુબવેલની ચોરી નોંધાતા રાત્રે સતત પેટ્રોલિંગના દાવા કરતી પોલીસ સામે પ્રશ્નાર્થ ઉભા થવા લાગ્યા છે. ટયુબવેલ ચોરાઈ જવાથી ગ્રામીણ વિસ્તારમાં પ્રજાને પાણીની હાલાકી ભોગવવી પડી હતી. ચોરીની ઘટનાને સંદર્ભે દોલારાણા વાસણા ગામના સરપંચ દ્વારા ચિલોડા પોલીસ સ્ટેશને જાણવા જોગ ફરિયાદ આપવા સાથે રાત્રિ પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ કરવામાં આવી છે.

# ફાયર બ્રિગેડની ચાલુ કામગીરી દરમિયાન ૨૧ વર્ષીય યુવકે કેનાલમાં છલાંગ લગાવી

## કેનાલમાં પડેલા ૨૧ વર્ષીય યુવાનને ફાયરમેનની ટીમે બચાવી લીધો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના ખોરજ પાસેની નર્મદા કેનાલમાં એક મહિલા પડી હોવાની શંકાના આધારે તેની તપાસ કરી રહેલી ફાયર બ્રિગેડની ટીમે કામગીરી દરમિયાન જ એક યુવકે કેનાલમાં પડતું મુકનાર ૨૧ વર્ષીય યુવકને બચાવી લીધો હતો. યુવકને બચાવી ફાયર બ્રિગેડની ટીમે પોલીસને સોંપ્યો હતો. જયાંથી પોલીસે તેને તાત્કાલિક દવાખાને લઈ જઈ સારવાર અપાવવાની વ્યવસ્થા કરી હતી.

ગાંધીનગર ફાયરબ્રિગેડના ફાયર ઓફિસર મહેશ મોડે જણાવ્યું હતું કે, 'આજે તેમની ફાયર બ્રિગેડની ટીમ ખોરજ નર્મદા કેનાલ ખાતે એક મહિલા કેનાલમાં પડી હોવાની શંકાસ્પદ ઘટનાની તપાસ કરવાની કામગીરી કરી રહી હતી ત્યારે અચાનક એક યુવાને કેનાલમાં ભુસ્કો માર્યો હતો. આ યુવાન પાણીમાં પડતાં જ ડુબવા લાગ્યો હતો તેથી અમારા ફાયરમેન જેઓ કેનાલમાં કાર્યરત હતા તેમણે તુરંત જ યુવાનને બચાવવાની કામગીરી હાથ ધરી હતી અને યુવાનને બચાવ જીવતો કેનાલની બહાર લાવવામાં સફળતા મેળવી હતી. આ પછી યુવાનને અડાલજ પોલીસને સોંપવામાં આવ્યો હતો.' પ્રાપ્ત સુત્રો અનુસાર કેનાલમાં પડતું મુકનાર યુવાન ૨૧ વર્ષનો હતો જેનું નામ ઠાકોર મહેશભાઈ પ્રહલાદજી છે અને તે ખોરજ ગામની ઉમિયાનગર સોસાયટીનો રહેવાસી છે. તેણે કેનાલમાં પડતું શા કારણથી મુકયું તે વિગત જાણવા મળેલ નથી.

# અનામત પરિપત્ર મુદ્દે વિવિધ સમુદાય આમને-સામને

રાજયમાં છેલ્લા બે મહિનાથી એક પરિપત્રને કારણે વર્ગ વિગ્રહની સ્થિતિ ઉભી થઈ રહી છે. ગાંધીનગરની સત્યાગ્રહ છાવણીથી અનામતના પરિપત્ર સામે વિરોધ પ્રદર્શન શરૂ થયું છે. આ આંદોલનની આગ પોરબંદરથી લઈ અરવલ્લી અને મોડાસાથી મહેસાણા સુધી પ્રસરી રહી છે. આ પરિપત્રનો માલધારી, આદિવાસી, મહિલાઓ, ઓબીસી, એસસી અને એસટી સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ બ્રાહ્મણ અને પાટીદાર સમાજ આ પરિપત્ર રદ નહી કરવાની માંગ કરી રહ્યા છે. આમ સમગ્ર રાજય હવે આ મામલે વર્ગ વિગ્રહ તરફ ધકેલાઈ રહ્યું હોવાની પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. જો રાજય સરકાર તાકીદે તા.૫મી ફેબ્રુઆરી સુધીમાં આ વિવાદનો ઉકેલ નહી લાવે તો આગામી દિવસોમાં જન અધિકાર મંચ દ્વારા રાજયવ્યાપી આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગત તા.૧ ઓગસ્ટ,૨૦૧૮ના રોજ કરવા જીએડી દ્વારા કરવામાં આવેલા આ પરિપત્રમાં સવાલ નંબર ૧૨ અને સવાલ નંબર ૧૩ અંગે હાલ વિવાદ ઉભો થયો છે. આ પરિપત્ર મુજબ, મેરિટના આધારે અનામતવાળી મહિલા પસંદગી પામે તો તેને અનામતના ક્વોટામાં જ ગણવાનો ઉલ્લેખ છે.

## સમગ્ર મોદી સમાજ માટે વિવાહ માહિતી કેન્દ્ર

સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ દ્વારા સમગ્ર ગુજરાતી લગ્નોત્સુક યુવક-યુવતીઓ, મોદી, તૈલી શાહુ, રાઠોડ, ગુપ્તા સમાજના વિધુર-વિધવા, છૂટાછેડાવાળા ઉમેદવારોને પસંદગીના પાત્રોની માહિતી સહેલાઈથી મળી શકે તે માટે વિવાહ માહિતી કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ નિઃશુલ્ક વિવાહ માહિતી કેન્દ્રનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ પોતાનો બાયોટેડા તથા પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે સપ્તપદી મેરેજ બ્યુરો, ૫૫, ગ્રાઉન્ડ ફલોર, અજંતા કમર્શિયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે સંપર્ક કરવા મહામંત્રી હસમુખ મોદી દ્વારા જણાવાયું છે.

# ગુજરાત દિવ્યાંગ અધિકાર મંચ દ્વારા દિવ્યાંગોની માંગણી વિધાનસભામાં રજૂ કરવા માંગ

ગાંધીનગર, તા.૩

દિવ્યાંગ અધિકાર મંચ ગુજરાત દ્વારા તેમના હકક પ્રત્યેની માંગણી કરવામાં આવી છે. જે ખાસ વિધાનસભામાં રજૂ થાય તેવી તેમની માંગ છે. આ સંસ્થાના પ્રદેશ પ્રમુખ રમેશભાઈ કોરાટના કહ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં તમામ અધિકાર તથા પદાધિકારીને ઘણાય આવેદનપત્ર આપ્યા હોવા છતાં તેમની એક પણ માંગણી સ્વિકારવામાં આવી નથી. તેમની માંગણી એમ છે કે દર મહિને ૫૦૦૦ પેન્શન મળવું જોઈએ. જે ઘરમાં દિવ્યાંગ હોય તેને ૦ થી ૧૬ના સ્કોર બીપીએલમાં સામેલ કરવું. દિવ્યાંગો માટે અમુક પોસ્ટ માટે ભરતી થવી જોઈએ, દિવ્યાંગોને કોન્ટ્રાકટ બેઝ ફિકસ પગારમાં ન સમાવવા કાયમી અને પુરા વેતનમાં સમાવેશ કરવો, ઘરનું ઘર મળે રોજગારી માટે લોન સરળ રીતે મળી રહે તે કરવું, દરેક રાજયમાં દિવ્યાંગ નિગમની રચના થાય અને સીધા ધિરાણની લોન ઉપલબ્ધ કરાવવી, દિવ્યાંગોને લોનમાં સબસીડી કાયમી કરવી, દિવ્યાંગોને રેસીડેન્સી વીજળી બીલમાં ૫૦ ટકા રાહત મળે, પેટ્રોલ પંપ, ગેસ એજન્સી, ટોટાનું લાયસન્સ મળે, ૨ એકર જમીન મળે તે છે. સંસ્થાના પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, જે ધારાસભ્ય અથવા જે પક્ષ દિવ્યાંગોની માંગણી આવતા વિધાનસભામાં રજુ કરશે તેમનું ગુજરાતમાં વસતા તમામ દિવ્યાંગો ભગવાન સમજી સ્વાગત કરશે.

# વેટલેન્ડ એ કુદરતે બક્ષેલું નૈસર્ગિક પ્યોરિફાયર છે : ડૉ. ધરૈયા

## ગુજરાત સાયન્સ સિટી ખાતે વર્લ્ડ વેટલેન્ડ ડેની ઉજવણી કરાઈ



આજે વિશ્વભરમાં 'વર્લ્ડ વેટલેન્ડ ડે' ઉજવવામાં આવ્યો હતો જે અંતર્ગત ગુજરાત સાયન્સસિટી ખાતે પણ વિશેષ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ લાઈફ એન્ડ સાયન્સના એસોસિએટ પ્રોફેસર ડૉ. નિશિત ધરૈયાએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને વેટલેન્ડના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું.

ડૉ. નિશિત ધરૈયાએ આ પ્રસંગે વેટલેન્ડ કેવી રીતે વનસ્પતિઓ, માછલીઓ વગેરે સહિતના અન્ય જીવોના નિવાસ અને જીવન માટે યોગ્ય વાતાવરણ પુરું પાડવા સાથે પાણીની ગુણવત્તામાં સુધારો પાણીનું સંગ્રહ, પ્રદૂષણ નિયંત્રણ, જમીનના ધોવાણ સામે રક્ષણ વગેરે જેવી બાબતોમાં પણ યોગદાન આપે છે. ડૉ. ધરૈયાએ સંવાદ દરમિયાન વેટલેન્ડને બચાવવા લેવા જેવા જરુરી પગલાં અંગે માહિતગાર કર્યા હતા જેના પ્રતિભાવમાં વિદ્યાર્થીઓએ આ પ્રકારના કુરતી પ્યોરિફાયરને કલાઈમેટ ચેન્જ સામે રક્ષણ આપવાનું વચન આપ્યું હતું.

## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**

**બેડ બોયઝ ફોર લાઈફ**
૭.૩૦
**જવાની જાનેમન**
૧૦.૦૦, ૧.૦૦, ૭.૦૦
**સ્ટ્રીટ ડાન્સર**
૬.૩૦, ૩.૩૦, ૯.૩૦
**તાન્હાજી**
૩.૩૦, ૯.૩૦
**ગુલ મકાઈ**
૩.૪૫
**પંગા**
૯.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૨.૪૫
**લવની લવ સ્ટોરી**
૬.૪૫

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**સ્ટ્રીટ ડાન્સર**
૧.૧૫, ૭.૧૫
**તાન્હાજી**
૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
**પંગા** - ૫.૧૫
**જવાની જાને મન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૧.૦૦
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**જવાની જાને મન**
૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૪.૫૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧૧.૫૦, ૭.૩૫
**સ્ટ્રીટ ડાન્સર** - ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
**પંગા**
૭.૧૫
**તાન્હાજી** - ૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**જવાની જાને મન**
૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૪.૪૫
**ગુલ મકઈ** - ૨.૦૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧.૨૦, ૧૦.૧૫
**સ્ટ્રીટ ડાન્સર**
૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**પંગા**
૧૧.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૩.૪૦
**તાન્હાજી** - ૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦

## ચક્ષુદાન

ગાંધીનગર નિવાસી ૫૫ વર્ષીય ભરતભાઈ મનસુખભાઈ રાઠોડનું અવસાન થતા તેમના કુટુંબીજન હર્ષ રાઠોડ તથા રોનક રાઠોડની સંમતિથી ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં તબીબી સેવા ડૉ. વેલુ અને પ્રિયંકા તેમજ જુસીકાના કાર્યકર ગણપતભાઈ મકવાણા તથા દિલીપભાઈ દંતાણીએ સ્વર્સ્થના ચક્ષુએ લેવા સેવા પુરી પાડી હતી.

## ચિરવિદાય

- સ્વ. જશોદાબેન રવિશંકર વ્યાસ, ઉ.વ. ૭૦
- સ્વ. પ્રજાપતિ અંબાલાલ જોઈતારામ, ઉ.વ. ૬૯
- સ્વ. બિહોલા રામબા કાનાજી, ઉ.વ. ૮૧
- સ્વ. સતીષસીંગ બારૂલાલ, ઉ.વ. ૬૬
- સ્વ. સોલંકી મંગુબેન સુરસિંહ, ઉ.વ. ૯૦
- સ્વ. પરમાર અંબાલાલ ફુસાભાઈ, ઉ.વ. ૬૩
- સ્વ. મીરાબેન રાજયપાલ યાદવ, ઉ.વ. ૩૫